# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે 'વિકસિત ભારત માટે નશામુક્ત યુવા ' અભિયાન દેશભરમાં વેગવંતું બન્યું છે.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે તાશ્કંદમાં ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી રહ્યા છે.
3. નેપાળ પૂરમાં મૃત્યુઆંક વધીને 734 થયો . ભોટે કોશી નદી માટે નવી ચેતવણી જાહેર
4. કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે ફિટ ઇન્ડિયા સન્ડે ઓન સાયકલના 88માં સંસ્કરણમાં ભાગ લીધો.
5. ભારતીય મહિલા ટીમ આજે એશિયા કપ T20 ક્રિકેટ મેચમાં થાઇલેન્ડ સામે રમશે.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-MANN KI BAAT -1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે , 'વિકસિત ભારત માટે નશામુક્ત યુવા ' અભિયાન દેશભરમાં ઝડપથી ગતિ પકડી રહ્યું છે. આજે સવારે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરતા , શ્રી મોદીએ ખુશી વ્યક્ત કરી કે નશામુક્ત યુવાનો અને નશામુક્ત ભારત માટેના ધ્યેય સાથેનું અભિયાન ફક્ત ઔપચારિકતા નથી કારણ કે ઘણા લોકો , ખાસ કરીને યુવાનો મોટી સંખ્યામાં તેમાં જોડાઈ રહ્યા છે.

તેમણે કહ્યું કે, આ ભારતના યુવાનોના સ્વાસ્થ્ય, ખુશી અને ઉજ્જવળ ભવિષ્ય માટેનો સામૂહિક સંકલ્પ છે.

(BYTE : PM DRUG FREE YOUTH)

પ્રધાનમંત્રીએ કહ્યું કે, નશા સામે જાગૃતિ ફેલાવનારા અને વ્યસન સામે સંઘર્ષ કરી રહેલા વ્યક્તિઓને મદદ કરવા આગળ આવનારાઓની પ્રશંસા કરી. શ્રી મોદીએ લોકોને નશામુક્ત ભારત માટે એક શક્તિશાળી સૂત્ર અને યુવા સંગીતકારોને નશામુક્ત જીવનનો સંદેશ આપતા ગીતો બનાવવા કહ્યું.. શ્રી મોદીએ તેમને આ પ્રયાસમાં સમાજને મદદ કરવા માટે વિવિધ ભાષાઓમાં સામગ્રી બનાવવા વિનંતી કરી. તેમણે કહ્યું કે, તેઓ સામાજિક પરિવર્તન માટે તેમની સર્જનાત્મકતાનો ઉપયોગ માધ્યમ તરીકે કરી શકે છે.

(BYTE : PM ON CONTENT CREATOR)

# PM-MANN KI BAAT -2

પ્રધાનમંત્રીએ કહ્યું કે , 'પીએમ સ્વનિધિ યોજના ' દ્વારા લાખો મહિલાઓ નવી શક્તિ મેળવી રહી છે, 'પીએમ સ્વનિધિ યોજના'ના લાભાર્થીઓમાં મહિલાઓનો હિસ્સો આશરે 46 ટકા છે. તેમણે કહ્યું કે, દેશભરમાં લગભગ 35 લાખ મહિલાઓ આ યોજના સાથે જોડાઈને તેમના વ્યવસાયોનો વિસ્તાર કરી રહી છે. શ્રી મોદીએ ગાઝિયાબાદની બબીતા શર્મા અને બેંગલુરુની ટી.એસ. નિંગામ્મા વિશે વાત કરી જેમણે આ યોજનાનો લાભ લીધો છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે , જ્યારે કોઈ સ્થળને સ્વચ્છ રાખવાનો સંકલ્પ લોકોની પોતાની પ્રતિબદ્ધતા બની જાય છે , ત્યારે તે સ્થળની ઓળખ સંપૂર્ણપણે બદલી નાખે છે. શ્રી મોદીએ કહ્યું , દેશના વિવિધ ભાગોમાં સ્વચ્છતા માટેના આવા પ્રયાસો લોકોને સતત પ્રેરણા આપે છે. તેમણે ઉત્તર પ્રદેશના પટવાઈના આકાશ અને રોહનનો ઉલ્લેખ કર્યો. પ્રધાનમંત્રીએ શ્રી અમરનાથ યાત્રા વિશે પણ વાત કરી

**(BYTE - PM-AMARNATH)**

# PM-MANN KI BAAT -3

શ્રી મોદીએ કહ્યું, આજે દેશની દીકરીઓના સપનાઓની ઉડાન પૃથ્વીથી બાહ્ય અવકાશ તરફ વધી રહી છે. તેમણે કહ્યું , ભારત વિશ્વભરમાંથી આવા સપનાઓને પોષતી હજારો દીકરીઓને એકસાથે લાવી રહ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું , આ પહેલનું નામ 'મિશન શક્તિસેટ' છે, અને તેના દ્વારા, 108 દેશોની 12 હજાર વિદ્યાર્થીનીઓને નવીનતાના ક્ષેત્રમાં સેટેલાઇટ ટેકનોલોજી શીખવાની તક મળી રહી છે.

શ્રી મોદીએ મુંબઈના કૃષ્ણ શેષાદ્રી સાથે વાત કરી જેમણે એક અનોખી વેબસાઇટ www.bharatrajya.com બનાવી છે. વેબસાઇટમાં કોઈપણ વર્ષ પસંદ કરીને લોકો સરળતાથી શોધી શકે છે કે તે સમયે ભારતના કયા ભાગ પર કયા શાસકે શાસન કર્યું હતું.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, સ્વતંત્રતા દિવસ અને રાષ્ટ્રીય અવકાશ દિવસ દરેક દેશવાસીને ગર્વથી ભરી દે છે. 'હર ઘર તિરંગા' અભિયાન આ ભાવનાને વધુ મજબૂત બનાવે છે. તેમણે ઉમેર્યું કે આ વર્ષ 'વંદે માતરમ' ની 150મી વર્ષગાંઠ હોવાથી વધુ ખાસ બની ગયું છે. શ્રી મોદીએ કહ્યું કે , આ વખતે આઠ કરોડથી વધુ 'તિરંગા સેલ્ફી' અપલોડ કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રીએ લોકોને તહેવારોની મોસમમાં 'વોકલ ફોર લોકલ' બનવા વિનંતી કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે , 'વોકલ ફોર લોકલ ' બનવાનો અર્થ ફક્ત માટીના દીવા ખરીદવાનો નથી કારણ કે તેની પાછળનું વિઝન ઘણું વ્યાપક છે. તેમણે કહ્યું કે , ભારતમાં બનેલા ઉત્પાદનો પર ગર્વ લેવાથી જ ભારત આત્મનિર્ભર બનવાનો માર્ગ મોકળો થશે.

# PM – UZBEKISTAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે તાશ્કંદમાં ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી રહ્યા છે. બંને નેતાઓ રાષ્ટ્રપતિ મહેલમાં વેપાર અને રોકાણ, સંરક્ષણ, ડિજિટલ કનેક્ટિવિટી, ઉર્જા, શિક્ષણ અને લોકો વચ્ચેના સંબંધોમાં સહયોગની સમીક્ષા કરી રહ્યા છે. આ સંદર્ભમાં આજે સમજૂતી કરાર પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે.

આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૌપ્રથમ યોગ ફેડરેશન ઓફ ઉઝબેકિસ્તાન દ્વારા આયોજિત યોગ કાર્યક્રમમાં હાજરી આપી હતી અને બાદમાં તેઓ ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવના મહેલમાં પહોંચ્યા હતા, જ્યાં તેમનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું . અને હવે બંને નેતાઓ હાલમાં દ્વિપક્ષીય વાટાઘાટોમાં ભાગ લઈ રહ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# NEPAL-FLOOD

નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં આજે મૃત્યુઆંક વધીને 734 થયો છે. મૃતદેહો શોધવાનું કામ ચાલુ છે. આશરે 25 હજાર લોકો ગુમ છે. નેપાળ પોલીસે અહેવાલ આપ્યો છે કે સૌથી વધુ મૃતદેહો ચિતાવન , નવલપરાસી પૂર્વ અને નવલપરાસી પશ્ચિમમાં મળી આવ્યા છે.

બચાવ ટીમોએ અત્યાર સુધીમાં અસરગ્રસ્ત જિલ્લાઓમાંથી 8 હજાર 186 લોકોને બચાવ્યા છે, જેમાં 227 વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે.

નેપાળ સરકારે ભોટે કોશી નદી માટે નવી પૂર ચેતવણી જાહેર કરી છે અને નદી કિનારે રહેતા લોકોને સતર્ક રહેવા જણાવાયું છે. રાસુવા જિલ્લા વહીવટીતંત્રે રાસુવા, નુવાકોટ અને ધાડિંગ જિલ્લામાં ભોટે કોશી નદી કિનારે રહેતા લોકોને સાવધાની રાખવાની સલાહ આપી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે નેપાળમાં પૂરમાં અત્યાર સુધીમાં 108 ભારતીય નાગરિકોને બચાવી લેવામાં આવ્યા છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે 275 ભારતીય નાગરિકો ગુમ છે , અને અન્ય દેશોમાં નાગરિકતા ધરાવતા ભારતીય મૂળના આશરે 128 લોકો પણ ગુમ છે.

ભારત પૂરગ્રસ્ત નેપાળમાં રાહત અને બચાવ કામગીરીને સતત સમર્થન આપી રહ્યું છે. 11 ટન રાહત સામગ્રી લઈને ચોથી ફ્લાઇટ કાઠમંડુ પહોંચી છે અને તેને નેપાળી સરકારને સોંપવામાં આવી છે.

# MANDAVIYA-SUNDAY ON CYCLE

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં ફિટ ઇન્ડિયા સન્ડે ઓન સાયકલના ૪૪મા સંસ્કરણમાં ભાગ લીધો. આ કાર્યક્રમ જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે બ્રિક્સના સહયોગથી આયોજિત પહેલના રાષ્ટ્રીય રમતગમત દિવસના એક ખાસ સંસ્કરણ તરીકે ઉજવવામાં આવ્યો.

મીડિયા સાથે વાત કરતા ડૉ. માંડવિયાએ યુવાનોને દરરોજ ઓછામાં ઓછો એક કલાક રમતગમત અને કસરતની પ્રવુતિઓમાં સમર્પિત કરવા અપીલ કરી.

(BYTE-MANSUKH MANDAVIYA)

# ODISHA FLOOD

બાલાસોરમાં અવિરત વરસાદ વચ્ચે , સુવર્ણરેખા નદીમાં પાણીનું સ્તર વધી રહ્યું છે , જેના કારણે ઉત્તર ઓડિશામાં પૂરનો નવું સંકટ ઊભું થયું છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે બંગાળની ખાડીના ઉત્તર-પશ્ચિમ અને નજીકના પશ્ચિમ બંગાળ-ઉત્તર ઓડિશા કિનારા પર ઓછા દબાણવાળા ક્ષેત્રને કારણે વરસાદ પડી રહ્યો છે , તે વધુ તીવ્ર બનશે અને પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધશે. હવામાન વિભાગે આજે અને આવતીકાલે ઓડિશામાં ભારે વરસાદની ચેતવણી આપી છે , મંગળવારે ખૂબ જ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

# WOMENS-ASIACUP T- 20

ભારતીય મહિલા ટીમ આજે એશિયા કપ T20 ક્રિકેટ મેચમાં થાઇલેન્ડ સામે રમશે. દુબઈમાં આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8:30 વાગ્યે શરૂ થશે.

ભારત કેપ્ટન હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ટુર્નામેન્ટમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે. સ્મૃતિ મંધાના ઉપ-કેપ્ટન હશે. આ ટુર્નામેન્ટમાં આઠ ટીમો છે. ભારત ગ્રુપ A માં થાઇલેન્ડ, હોંગકોંગ અને પાકિસ્તાન સાથે છે.

# FIH HOCKEY WC FINAL

FIH હોકી વર્લ્ડ કપ 2026 મેન્સ ચેમ્પિયનશિપ ફાઇનલમાં આજે સાંજે ડિફેન્ડિંગ ચેમ્પિયન જર્મનીનો મુકાબલો સ્પેન સામે થશે. બેલ્જિયમના વાવરેમાં બેલ્ફિયસ હોકી એરેના ખાતે આ ફાઇનલ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે શરૂ થશે. જર્મની પોતાનો ચોથો ખિતાબ, જ્યારે સ્પેન પોતાનો પહેલો હોકી વર્લ્ડ કપ ખિતાબ જીતવાનો પ્રયાસ કરશે.

# MIZO-FOOTBALLER

મિઝોરમના ફૂટબોલર લાલિયાનઝુઆલા છાંગ્ટેને 2026નો ભારતીય ફૂટબોલર ઓફ ધ યર જાહેર કરવામાં આવ્યા છે.

29 વર્ષીય છાંગ્ટે તાજેતરમાં મુંબઈ ફૂટબોલ ક્લબમાંથી મોહન બાગાનમાં જોડાયા છે. તેમણે ગઈકાલે રાત્રે ભારતીય ફૂટબોલ દિગ્ગજ ભાઈચુંગ ભૂટિયા પાસેથી આ સન્માન મેળવ્યું.